

# ગૌતમ ગંભીરની સીધી વાત નો બકવાસ : જો તમે એક રીતે જ રમશો તો તમારો વિકાસ નહીં થાય

આક્રમકતા, મજબૂત ઈચ્છાશક્તિ અને 'બેઝબોલ'. હાલના સમયમાં ટેસ્ટ ક્રિકેટનો આ રંગ રહ્યો છે. અને ભારતીય ટીમ આ વિચારસરણીમાં સૌથી આગળ અને કેન્દ્રમાં રહી છે. આ પ્રકારની વિચારસરણીનું ઉત્તમ ઉદાહરણ કાનપુરમાં બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટમાં તેનો અતિ-આક્રમક અભિગમ હતો, જેમાં ટીમ ઈન્ડિયાએ 34.4 ઓવરમાં 285 રન બનાવીને મેચનું પાસુ પલટાવી નાંખ્યું હતું. એ વાતમાં કોઈ શંકા નથી કે તાજેતરના ટેસ્ટ ક્રિકેટમાં રન રેટમાં વધારો થયો છે અને બેટ્સમેન વધુ ચોગ્ગા અને છગ્ગા ફટકારવાની તકો શોધી રહ્યા છે. ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીર પણ વિજય હાંસલ કરવા માટે આક્રમક રમતની આ વ્યૂહરચના અને સિદ્ધાંતમાં માને છે. જો કે, તે એમ પણ માને છે કે ટેસ્ટ ક્રિકેટમાં અનુકૂલનક્ષમતા સૌથી મહત્વપૂર્ણ છે.

ગંભીરે બેંગલુરુમાં ન્યૂ સામેની પ્રથમ ટેસ્ટ પહેલા કહ્યું હતું કે અમે એવી ટીમ બનવા માંગીએ છીએ જે એક દિવસમાં 400 રન બનાવી શકે અને ટેસ્ટ ડ્રો કરવા માટે બે દિવસ બેટિંગ કરી શકે. હું વિશ્વ ક્રિકેટ માટે બોલી શકતો નથી. દરેક ટીમની પોતાની વિચારધારા હોય છે, ટેસ્ટ ક્રિકેટ રમવાની પોતાની રીત હોય છે. હું ફક્ત મારી ટીમ માટે જ બોલી શકું છું. જો આપણે ક્યારેય એવી પરિસ્થિતિમાં હોઈએ કે અમારે ટેસ્ટ ડ્રો કરવી પડે, જો તમારે બે દિવસ બેટિંગ કરવી પડે તો અમારા ડ્રેસિંગ રૂમમાં એવા ખેલાડીઓ છે જે બે દિવસ બેટિંગ કરી શકે તેમ છે. આખરે અમારો પહેલો ઉદ્દેશ્ય મેચ જીતવાનો છે અને પછી જો એવી પરિસ્થિતિ આવે કે ટીમને ડ્રો માટે રમવું પડે, તો અમારે તે વિકલ્પો પણ ખુલ્લા રાખવા પડશે. આ જ ફિલસૂફી છે જેની સાથે અમે ટેસ્ટ ક્રિકેટ રમવા માંગીએ છીએ.

ગંભીરે હાઈ રિસ્ક, હાઈ એડવાન્ટેજ અભિગમને પણ સમર્થન આપ્યું હતું અને એમ પણ કહ્યું હતું કે જો ભારત 100 રનમાં આઉટ થાય તો તેને કોઈ વાંધો નથી, કારણ કે તે ઈચ્છે છે કે બેટ્સમેનો તેમની કુદરતી રમત રમે અને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહે. ગંભીરે કહ્યું હતું કે અમે ઈચ્છીએ છીએ કે લોકો આક્રમક બને, અમે ઈચ્છીએ છીએ કે લોકો મેદાન પર જાય અને તેમની કુદરતી રમત રમે. જો તેઓ તેમની કુદરતી રમત રમી શકે,

**સ્પેશિયલ રિપોર્ટ**

> **ગંભીરની વિચારસરણી ઘણી સ્પષ્ટ હોવાનું એના પરથી પુરવાર થાય છે કે તે એવું કહે છે કે મેં અગાઉ પણ કહ્યું હતું કે અમે કોઈને બહાર રાખતા નથી, અમે ફક્ત તે પ્લેઈંગ ઈલેવનને પસંદ કરીએ છીએ જે અમારા માટે કામ કરી શકે. અને અલબત્ત અમારી પાસે ખૂબ જ પ્રતિભાશાળી ખેલાડીઓ છે, માત્ર કુલદીપ જ નહીં, અમારી પાસે ઘણા અન્ય ગુણવત્તાયુક્ત બોલર અને ખેલાડીઓ છે.**

જો તેઓ એ ક દિવસમાં 400-500 રન બનાવી



શકે, તો શા માટે નહીં? અમે આ રીતે રમીશું એવા દિવસો પણ આવશે જ્યારે અમે 100 રનમાં ઓલ આઉટ થઈ જઈશું, પરંતુ અમે અમારા ખેલાડીઓને સમર્થન આપતા રહીશું. આ રીતે અમે રમવા માંગીએ છીએ અને તે જ રીતે અમે આ દેશના લોકોનું મનોરંજન કરવા માંગીએ છીએ, અને ટેસ્ટ ક્રિકેટમાં કોઈપણ પરિસ્થિતિમાં પરિણામ મેળવવા માંગીએ છીએ.

ભારત ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની સીરિઝમાં ભારે આત્મવિશ્વાસ સાથે પ્રવેશ કરી રહ્યું છે. તેઓએ ઘરઆંગણે સતત છ મેચ જીતી છે, જે આ વર્ષે ફેબ્રુઆરીમાં શરૂ થઈ હતી અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. બીજી તરફ ન્યુઝીલેન્ડના ઉપખંડ પ્રવાસની શરૂઆત સારી રહી નથી. ગ્રેટર નોઈડામાં અફઘાનિસ્તાન સામેની તેમની ટેસ્ટ મેચ એક પણ બોલ ફેંક્યા વિના ધોવાઈ ગઈ હતી અને ત્યારબાદ તેઓ શ્રીલંકામાં 2-0થી હારનો સામનો કરવો પડ્યો હતો.

સ્પિન સામે ન્યુઝીલેન્ડનો રેકોર્ડ તાજેતરના સમયમાં સારો રહ્યો નથી અને તેઓ પોઈન્ટ ટેબલમાં હાલમાં છઠ્ઠા સ્થાને છે. આમ હોવા છતાં, ગંભીર ન્યૂઝીલેન્ડને કોઈ પણ રીતે હળવાશથી લઈ રહ્યો નથી અને માને છે કે તેની ટીમમાં એવા ખેલાડીઓ છે જે કોઈપણ ટીમને હરાવી શકે છે.

ગંભીર કહે છે કે મેં ઘણી વખત કહ્યું છે કે અમે હંમેશા દરેક વિપક્ષી ટીમનું સન્માન કરીશું. અમે નિઃસ્વાર્થ રહેવા માંગીએ છીએ. અમે મેદાન પર આક્રમક બની શકીએ છીએ પરંતુ જ્યારે મેચ પૂરી થાય છે ત્યારે અમે શક્ય તેટલું નમ્ર બનવા માંગીએ છીએ. ગંભીર ભવિષ્યની WTC ફાઈનલ્સ અથવા ઓસ્ટ્રેલિયા શ્રેણી વિશે વધુ આગળ વિચારી રહ્યો નથી, તે ફક્ત ન્યુઝીલેન્ડ સીરિઝ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. ગંભીર હસતા ચહેરે કહે છે કે જુઓ, પહેલી વાત એ છે કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જૂન 2025માં છે. અને બીજી વાત એ છે કે ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચ 22 નવેમ્બરે છે. અત્યારે અમારી પાસે આગામી ટેસ્ટ સિરીઝ છે.

જ્યારે તમે ઈન્ટરનેશનલ ક્રિકેટ રમો છો, ત્યારે તમે ઓસ્ટ્રેલિયા સીરિઝની પાંચ ટેસ્ટ મેચની તૈયારી કેવી રીતે કરવી અથવા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે કેવી રીતે તૈયારી કરવી તે વિશે વિચારતા નથી. અત્યારે સૌથી મહત્વની બાબત એ છે કે 16 નવેમ્બરના રોજ સવારે 9.30 વાગ્યે રમવા માટે તૈયાર થવું વધુ મહત્વનું છે કારણ કે તમે તેટલું આગળનું વિચારતા નથી. તમે તમારા દેશ માટે જે પણ મેચ રમો છો, તમે તેને જીતવાનો પ્રયાસ કરો છો, પછી ભલેને કોઈ પણ વિરોધી હોય, પ્રતિસ્પર્ધી કોઈ પણ હોય અને શ્રેણીની પરિસ્થિતિ ગમે તે હોય. ન્યુઝીલેન્ડ હોય કે ઓસ્ટ્રેલિયા, અમે હંમેશા સાથે રહીશું. આપણા દેશ માટે મેચ જીતવાનો પ્રયાસ કરો.

# નીતિશ રેડ્ડીએ કેરિયરની વિસ્ફોટક શરૂઆત કરીને હાર્દિકના બેકઅપ બનવાના સંકેત આપી દીધા

**ટુ ધ પોઈન્ટ**



હાલમાં રમાયેલી બાંગ્લાદેશ સામેની ટી-20 સીરિઝમાં ભારતીય ટીમ માટે જો કોઈ સારી બાબત રહી હોય તો તે એ છે કે આ સીરિઝમાં ભારતને હાર્દિક પંડ્યાના બેકઅપ જેવો એક ખમતીધર ખેલાડી મળી આવ્યો છે. હાર્દિક જે રીતે ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર છે તે રીતે નીતિશ રેડ્ડી પણ ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર છે. દિલ્હીમાં રમાયેલી બીજી T20માં ભારત જ્યારે ખરાબ સ્થિતિમાં દેખાતું હતું ત્યારે રિન્કુ સિંહ અને નીતિશ રેડ્ડીએ પોતાને મળેલી તકનો બરોબર ઉપયોગ કરી લીધો.

મહમુદુલ્લાએ એક નો બોલ ફેંકતા મળેલી ફ્રી હીટ પર રેડ્ડીએ છગ્ગો ફટકાર્યો હતો. તે પછી રેડ્ડી આઉટ થતાં બચ્યો પણ તે પછીના બોલને બાઉન્ડરી બહાર મોકલ્યા બાદ તેણે પાછુ વળીને ન જોયું. 27 બોલમાં પોતાની અડધી સદી પૂરી કર્યા બાદ તેણે પોતાની ગતિ વધુ વધારી અને મેહદીની એક ઓવરમાં એક ફોર અને ત્રણ સિક્સર ફટકારી. તેણે તેના છેલ્લા 21 બોલમાં 61 રન બનાવ્યા હતા. રેડ્ડીએ કુલ સાત સિક્સર ફટકારી હતી. તેણે લોંગ ઓફ અને ડીપ મિડવિકેટ વિસ્તારોને નિશાન બનાવ્યા.

> **નીતીશ કુમાર રેડ્ડીએ તેની કેરિયરની શરૂઆતમાં જ એ બતાવી દીધું છે કે તે ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર બનવાની ક્ષમતા ધરાવે છે. IPL દરમિયાન જ તેણે પોતાનું સામર્થ્ય દર્શાવી દીધું હતું પણ ઇન્ટરનેશનલ લેવલે તેણે પ્રતિભા પુરવાર કરવાની જરૂર હતી જે તેણે બાંગ્લાદેશ સામેની સીરિઝમાં પુરવાર કરી દીધું છે.**

જ્યારે રેડ્ડી આઉટ થયો ત્યારે ભારતનો સ્કોર 13.3 ઓવરમાં 149 રન પર પહોંચી ગયો હતો.

બાંગ્લાદેશની ઈનિંગ દરમિયાન સૂર્યકુમાર યાદવે તેને નવો બોલ આપ્યો અને રેડ્ડીએ પ્રથમ બે ઓવર કરકસરયુક્ત ફેંકી. આ પછી તેણે ડેથ ઓવરમાં પણ બે વિકેટ ઝડપી હતી. કવર્સ પર ઊભા રહીને તેણે અંડરઆર્મ ડાયરેક્ટ હિટ કરીને એક રનઆઉટ પણ કર્યો હતો. રેડ્ડીને તેના ઓલરાઉન્ડ પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચ પણ જાહેર કરવામાં આવ્યો હતો. 21 વર્ષીય રેડ્ડીને IPL 2024માં તેના શાનદાર પ્રદર્શન બાદ ટીમમાં સ્થાન મળ્યું છે. તેણે 142.92ના સ્ટ્રાઈક રેટથી 303 રન બનાવ્યા હતા અને ત્રણ વિકેટ લીધી હતી. તેને ઝિમ્બાબ્વે સામેની પાંચ મેચની T20 સીરિઝ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો પરંતુ હર્નિયાની ઈજાને કારણે તે સીરિઝનો ભાગ બની શક્યો ન હતો.

આખરે તેને ગ્વાલિયરમાં સીરિઝની પ્રથમ મેચમાં ડેબ્યૂ કરવાની તક મળી. તેના ડેબ્યૂ અને ભારતની જીત સિવાય આ મેચ રેડ્ડી માટે બહુ યાદગાર રહી A ન હતી. તેણે કોઈ વિકેટ લીધા વિના બે ઓવરમાં 17 રન આપ્યા અને 150થી ઓછા સ્ટ્રાઈક રેટથી સ્કોર કરનાર એકમાત્ર ભારતીય બેટ્સમેન હતો. IPLમાં ચોથા નંબરે બેટિંગ કરતા રિયાન પરાગની હાજરી હોવા છતાં સતત બીજી મેચ માટે રેડ્ડી પર વિશ્વાસ મૂકાયો.

જ્યારે સૂર્યકુમાર યાદવનો શોટ નોન-સ્ટ્રાઈકરના છેડે તેના ખભા પર વાગ્યો ત્યારે તેણે ખાતું પણ ખોલ્યું ન હતું.

છેલ્લા ઘણા સમયથી હાર્દિક પંડ્યા ભારતમાં ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર તરીકે એકલા હાથે બોજ વહન કરી રહ્યો છે. જ્યારે પણ તે ઈજાગ્રસ્ત થયો, ત્યારે તે ભારત માટે મુશ્કેલ બની ગયું. ભારતે વેંકટેશ અય્યર અને શિવમ દુબેને અજમાવ્યા, જે બંને બેટ અને બોલ બંનેથી અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા હતા. આ સંદર્ભમાં રેડ્ડીની કામગીરી વધુ મહત્વની બની જાય છે. પરંતુ આ તો માત્ર શરૂઆત છે, તેઓએ હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે.

# બાબર આઝમ બે ટેસ્ટમાંથી બાકાતી તેને ફાયદો કરાવશે કે તેને હતાશ કરી નાંખશે

**સ્પેશિયલ કોમેન્ટ**



પાકિસ્તાની પસંદગીકારોએ બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટની સીરિઝ અને તે પછી ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝની પહેલી ટેસ્ટમાં કંગાળ ફોર્મને કારણે બાબર આઝમને તે પછીની બે ટેસ્ટમાંથી પડતો મૂકવાનો નિર્ણય કર્યો. જો કે બાબરને બહાર મૂકવાનો આ આકરા નિર્ણયથી ખોટો મેસેજ ન જાય તેના માટે સારા શબ્દોમાં એવું કહેવાયું કે બાબરને આરામ આપવામાં આવ્યો છે. જો કે પસંદગી સમિતિમાં અઝહર અલીની એન્ટ્રી થઇ અને તેણે જ બાબરને એ જણાવ્યું કે તેને પડતો મૂકવામાં આવી રહ્યો છે ત્યારે એવું લાગે કે ક્યાંક કંઇ કાચુ તો નથી કપાઇ રહ્યું ને! કારણ માત્ર એટલું જ છે કે બાબરની કેપ્ટનશિપ હેઠળ જ અઝહર અલીની ટેસ્ટ કેરિયરનો અંત આવ્યો હતો.

હાલમાં પાકિસ્તાન ક્રિકેટની જે સ્થિતિ છે તેમાં ટીમમાં એક વિચાર સ્પષ્ટ હતો કે કોઈકને તો પડતો મૂકાશે જ અને તેમાં બાબરનું નામ સામે આવી ગયું. પીસીબીએ તેમની પ્રેસ રિલીઝમાં રાજદ્વારી રીતે કહ્યું હતું કે તેને આગામી વ્યસ્ત શેડ્યુલને ધ્યાને લેતા આરામ અપાયો છે. વાત ગમે તે હોય અને સ્થિતિ પણ ગમે તે હોય પણ એક રીતે જોવા જઈએ તો પાકિસ્તાની ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારો દ્વારા એક મોટો નિર્ણય લેવાઈ ગયો છે.

પાકિસ્તાનના તાજેતરના ઈતિહાસમાં કદાચ 2003ના વર્લ્ડકપ પછી ઈન્ઝી સંબંધે લેવાયેલા નિર્ણય પછીનો આ મોટો નિર્ણય કહી શકાય તેમ છે. પાકિસ્તાનમાં મોટા ખેલાડીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, સજા કરવામાં આવી છે, નિવૃત્તિ લેવાની ફરજ પાડવામાં આવી છે, એવી ઘણી ઘટનાઓ બની છે. પરંતુ ફોર્મ જેવા ભૌતિક કારણસર કોઈ મોટા ખેલાડીને પડતો મૂકવામાં આવ્યો હોય તેવું ધ્યાનમાં નથી આવતું. બાબર પાકિસ્તાનનો સર્વશ્રેષ્ઠ બેટર છે અને હાલના તાજેતરના ભૂતકાળમાં જ તે તમામ ફોર્મેટમાં તેમનો સુકાની રહી ચૂક્યો છે. બીજી ટેસ્ટમાંથી શાહીન શાહ આફ્રિદી અને નસીમ શાહની એકસાથે ગેરહાજરી કંઈક ઈશારો કરે છે.

ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં ઘરઆંગણે પાકિસ્તાનને વધુ એક રેકોર્ડબ્રેક હારનો સામનો કરવો પડ્યો છે. ત્યારે આ તીવ્ર ફેરફાર જરૂરી લાગે છે. પણ જે ફેરફાર કરાયો છે તેને ધ્યાને લેતા એવું લાગી રહ્યું છે કે તેઓ

> **બાબરને ઈંગ્લેન્ડ સામેની બે ટેસ્ટમાંથી પડતો મૂકવો એ સૌથી ખરાબ બાબત ન પણ હોઈ શકે, પરંતુ તે તેના મોરલને ફટકો જરૂર મારી શકે છે. અને કદાચ તે ખૂબ સારા ખેલાડીઓની હરોળમાં તેની નીચે પણ લાવી શકે છે. એક મૂર્ત અર્થ એવો પણ થાય કે આ વિરામ ખરેખર બાબરને માટે સારો પણ નીવડી શકે તેમ છે**

બલીનો બકરો શોધતા હતા અને ગાળિયમાં બાબર ફિટ થઈ ગયો છે. ચાલુ સીરિઝમાંથી ટીમના કેપ્ટનને તો કાઢી ન શકાય. તેથી માજી કેપ્ટનને હટાવી દો. એવું કહેવાયું છે કે આકિબ જાવેદ અને અલીમ દાર સાથે અસદ શફીક અને અઝહર અલી બાબર પરના તેમના મતમાં સર્વસંમત હતા. જો કે પીસીબીએ આ મત જાણવા માટે કેપ્ટન અને કોચને સામેલ કર્યા નહોતા.